# કહાઁ ગયે વો લોગ...

□ ઉમર ફારૂક ચામડ ટંકારવી

આપણા ગામમાં એક ઓલિયા સિફત ડૉકટર શુકલ આવી ગયા. તેમની સેવાઓથી અનેક લોકો પરિચિત છે. વીસમી સદીમાં આવા પરગજુ ડૉકટરો ઘણાં ઓછા હશે. એમના વિષે એક પ્રસંગ સાંભળેલો.

ગામના મોટા ભીલવાડામાં ચોમાસામાં એક આદિવાસી ઓરતને સુવાવડનું દર્દ ઉપડયું. ખબર મળતાં વરસતા વરસાદમાં ડૉ શુકલ અડધી રાતે એની ઝૂંપડીમાં પહોંચી ગયા. અંધારી રાત, ચાલુ વરસાદ, નિ:સહાય ગરીબ ઓરત, દારૂણ ગરીબી. ડૉકટર શુકલે જાતે પેલી ઝૂંપડીનો ચૂલો કરાંઠીઓ ભાંગીને સળગાવ્યો. પાણી ગરમ કર્યું. જરૂરી ઈંજેકશનો પેલી દર્દથી કણસતી ઓરતને આપ્યાં. પછી ઝૂંપડીની બહાર મરઘીઓના ખોખાં પર બેઠા. પેલી ઓરતને ડિલિવરી થઇ, પછી ઘેર આવ્યા.

આજે ડૉ શુકલ હયાત નથી. આપણા ગામમાં એમનો વિદાય સમારંભ યોજાયેલો. હું પણ એ પ્રસંગે હાજર હતો. એ પ્રસંગે એમને વિદાયમાન આપતાં કોક ભાઈ બોલેલા:

*જનની જણ તો ભક્ત જણ, કાં દાતા કાં શૂર*
*નહીં તો રહેજે વાંઝણી, મત ગુમાવીશ નૂર*

ટંકારીઆના લોકો હંમેશાં આવા સેવાભાવી, નિરભિમાની મહામાનવને યાદ કરશે.

**નોંધ:** *આ કોલમમાં જેમને યાદ કરવામાં આવે છે તે મરહુમોનો ફોટોગ્રાફ કોઈની પાસે હોય તો વૅબસાઈટના એડમિનિસ્ટ્રેટરને પહોંચાડવા વિનંતી છે જેથી લખાણ સાથે ફોટો પણ મૂકી શકાય.*